# મોડાસા તાલુકામાં લેવાયેલી કોશલ્ય મૂલ્યાંકનની પરીક્ષામાં ૧૬૯ પ્રાથમિક શિક્ષકો નાપાસ

(સમીર બલોચ ધ્વારા) મોડાસા, તા.૨૨

સર્વ શિક્ષા અભીયાન હેઠળ કોમ્પ્યુટર જ્ઞાન થી તાલીમબધ્ધ કરાયેલા મોડાસા તાલુકા પ્રા શાળાઓ ના ૫૯૭ શિક્ષકો નો તાજેતર માં મૂલ્યાંકન ટેસ્ટ લેવાયો હતો આ ટેસ્ટ માં કુલ ૧૬૯ જેટલા શિક્ષકો ફેઈલ થયા હોવાની ચોંકાવનારી વિગતોબહાર આવી છે જયારે કુલ ૭૦૧ શિક્ષકો પૈકી ૧૪૪ શિક્ષકો એ આ ટેસ્ટ આપવાનુ ટાળ્યુ હતુ.

પ્રાથમીક શાળાઓ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને જરૂરી કોમ્પ્યુટર જ્ઞાન પુરૂ પડવા માટે સર્વ શિક્ષા અભિયાન યોજના હેઠળકોમ્પ્યુટર એઈડ લર્નીગ પોગ્રામ અંર્તગત કોમ્પ્યુટર ની તાલીમ આપવામાં આવી છે આવા તાલીમબધ્ધ પ્રાથમીક શાળાના કોમ્પ્યુટર શિક્ષકો તાલીમ દરમ્યાન કેટલુ જાતે શીખ્યા અને બાળકોને કેટલુ શીખવી શકશે તે અંગેનો જરૂરી ટેસ્ટ તાજેતર માં મોડાસા ખાતે યોજાયો હતો મોડાસા તાલુકા ના ૭૦૧ શિક્ષકો માટે મોડાસા ના બી આર સી ભવન ખાતે યોજાએલ ટેસ્ટ માં ૫૯૭ શિક્ષકો આ પરીક્ષા માં જોડાયા હતા.

> **મોડાસા તાલુકા પ્રાથમિક શાળાઓના ૭૦૧ કોમ્પ્યુટર તાલિમબદ્ધ શિક્ષકો પૈકી ૫૯૭ શિક્ષકોએ પરીક્ષા આપી હતી**

મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સિસ્ટમ ના સઘન મોનીટરીંગ માં યોજાએલી આ પરીક્ષા માં તાલીમબધ્ધ થયેલ ૧૬૯ જેટલા શિક્ષકો ફેઈલ થતાં ભારે અચરજ ફેલાયુ છે એક બાજુ રાજય સરકાર ધ્વારા શિક્ષણ પાછળ કરોડો રૂપીયા ખર્ચવામાં આવે છે ત્યારે આ રીતે જોશિક્ષકો જ આ ટેસ્ટ માં ફેઈલ થશે તો બાળકો ને શુ શિખવાડશે તે એક ચર્ચા નો વિષય છે???એક વર્ષ ની ટ્રેનીગ છતાં માત્ર ૭૦ ટકા જ શિક્ષકો આ ૧૦૦ માર્કસ ની પરીક્ષા માં પાસ કરી શકે છે તેઓ ને અપાતી ટ્રેનીગ અને ટ્રેનીગ આપનારી સંસ્થા અને શિક્ષણ માં હાઈ ટેકનો લોજી ના દાવા કરતા શીક્ષણ વિભાગ ની પ્રતીબધ્ધતા અંગે શંકાઓ ઉઠી છે ફરજીયાત લેવાતી આ પરીક્ષા માં ૧૪૪ શિક્ષકો એ તો પરીક્ષા આપવાનુ જ માંડી વાળ્યુ હતુ મોડાસા ખાતે ના એક જાણીતા શિક્ષણવિદે ખેદ સાથે જણાવ્યુ હતુ કે ઉચ્ચ ટેકનોલોજી સાથે વિકાસ શાધવા મથતી સરકાર કોમ્પ્યુટર શિક્ષણ પ્રત્યે કટીબધ્ધ નથી શાળાઓમાં કવોલીફાઈડ કામયી શિક્ષકો ને બદલે શિક્ષણ વિભાગ કોન્ટ્રાકટ પર જ નભી રહયો છે.

# મોડાસા સિવિલ હૉસ્પિટલમાં ડૉક્ટર પર હિચકારો હુમલો

## ડૉક્ટર હૉસ્પિટલના ટેરેસ પર હતા તે દરમિયાન પાછળથી લોખંડની પાઈપ વડે હુમલો કરાયો

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૨૨

અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે ગઈકાલે સાંજના સુમારે એક અજીબો ગરીબ કીસ્સો બન્યો હતો. મોડાસા ખાતે આવેલી સાર્વજનિક હોસ્પીટલ માં વર્ષો થી ફરજ બજાવતા ડૉકટર પર ગઈકાલે સાંજના સુમારે કોઈ અજાણ્યા શખ્સે લોખંડની પાઈપ વડે હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી જયારે આ હુમલાને લઈ ને સમગ્ર ડૉકટર આલમમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા દાતે આવેલી સાર્વજનિક હોસ્પીટલ ખાતે છેલ્લા ૧૪ વર્ષ થી એનેસ્થેટીક તરીકે ફરજ બજાવતા ડૉ પામીન એ પટેલ પોતાની ફરજ દરમ્યાન ગઈકાલે ઓપરેશન થીયેટર માં કામકાજ કરતાં હતા તે દરમ્યાન કોઈ અંગત ફોન આવતા તેઓ વાત કરતા કરતાં હોસ્પીટલ ના ટેરેસ ઉપર ગયા હતા તે દરમ્યાન અચાનક જ કોઈ અજાણ્યા શખ્સે આવી ને પાછળના ભાગેથી લોખંડ ની પાઈપ વડે માથાના ભાગે તેમજ ખભા ના ભાગે હુમલો કરતાં આ એકદમ થયેલા હુમલા થી ડૌકટર ગભરાઈ ગયા હતા જયારે હુમલાખોર હુમલો કરી ને અંધારા માં હુમલો કરી પલાયન થઈ ગયો હતો જયારે ડોકટર ઘવાયેલી હાલત માં ટેરેસ પર થી નીચે આવ્યા ત્યારે સ્ટાફ મિત્રો ને જાણ થતાં તેમની મદદે દોડી આવ્યા હતા અને હોસ્પીટલ ખાતે પ્રાથમીક સારવાર આપી હતી ત્યારે ઈજા ગંભીર હતી કે ડૉકટર ને માથા ના ભાગે ચાર ટાંકા લેવા પડયા હતા ત્યારબાદ વધુ સારવાર અર્થે મોડાસા ની એક ખાનગી હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ની નીધી હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા ત્યાં હાલ સ્થીતી માં સુધારો હોવાનુ જાણવા મળેલ છે જયારે આ ડોકટર હુમલો થયા ને આજે બીજો દિવસ થયો હોવા છતાં પણ હોસ્પીટલ ના સત્તાધીશો ધ્વારા પોલીસ ને ખાલી ફોન પર જાણ કરી હતી અને આ અગે કોઈ લેખીત ફરીયાદ ના થતાં આ સમગ્ર ઘટના માં તો હાલ લોકો ના મનમાં અનેક શંકા કુશંકાઓ પેદા કરી છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# સાબરકાંઠા જિલ્લાના ૯૧ હજારથી વધુ ખેડૂતોને ૭૮૩.૫૯ લાખની સહાય ચૂકવાશે

સાબરકાંઠા જિલ્લામાં વર્ષ - ૨૦૧૩ દરમિયાન ભારે વરસાદના કારણે ધરતીપુત્રોને ખેતીમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો જેને લઈ જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા આ અતિવૃષ્ટીથી તારાજ થયેલ કિસાનો માટે રાહત પેકેજ આપવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાના ૯૧,૫૦૬ ધરતીપુત્રોને રૂ. ૭૮૩.૫૯ લાખની સહાય ચુકવવામાં આવશે. અરવલ્લી જિલ્લામાં ૧,૦૨,૧૬૬ ખેડૂતોને રૂ. ૧,૦૬૯.૭૧ લાખની સહાય ચુકવવામાં આવશે કલેકટર બંછાનીધિ પાનીએ જણાવ્યું હતું. હિમતનગર તાલુકાના ૧૮૯૮૩ ખેડૂતોને ૧૫૨.૯૧ લાખ, ઈડર તાલુકાના ૨૦,૪૧૫ ખેડૂતોને ૨૯૦.૪૮ લાખ, વડાલી તાલુકાના ૯૦૪૪ ખેડૂતોને ૫૫.૪૪ લાખ, ખેડબ્રહ્મા તાલુકાના ૧૧,૭૩૦ ખેડૂતો ને ૨૯.૪૩ લાખ, વિજયનગર તાલુકાના ૭૮૭૦ ખેડૂતોને ૪૬.૮૯ લાખ,તલોદ તાલુકાના ૧૧,૩૯૮ ખેડૂતોને ૧૨૮.૨૫ લાખ અને -ાંતિજ તાલુકાના ૧૨,૦૬૬ ખેડૂતોને ૮૦.૧૯ લાખનો સમાવેશ થાય છે.

ગુરુવારે સવારે ધુમ્મસ છવાયુ હતું અને ત્યારબાદ તાપ નીકળતા વાદળ વેરાઈ ગયા હતા. જાણવા મળ્યા મુજબ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં કમોસમી વરસાદ હિમતનગરમાં-૦૬ મીમી, ઈડરમાં-૦૬, વડાલીમાં -૧૪, વિજયનગરમાં-૧૧, ખેડબ્રહ્મામાં-૦૯, પોશીનામાં-૦૨ વરસાદ નોધાયો હતો તો બીજી તરફ જે વરસાદની સ્પીડ સામાન્ય હોવાને લઈને ખેતીમાં કોઈ નુકશાન થયું નથી તેવું જીલ્લા ખેતીવાડી અધિકારી વી. એમ. બથારે જણાવ્યું કે જો હવે વાદળછાયુંવાતાવરણ રહે તો રાયડાના પાનમાં ભૂકી ક્ષારો નામનો રોગ આવી શકે છે અને જીરામાં કાળીયાનો રોગ આવી શકે છે.


(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

## તલોદની સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

એન.સી.ટી. ઓફ દિલ્હી દ્વારા તાજેતરમાં દિલ્હી ખાતે અંડર-૧૪ રોપ સ્કિપીંગ નેશનલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાતની ટીમમાં તલોદની સી.ડી. પટેલ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા અને તાલુકાને ગૌરવ અપાવ્યું હતું. નવી દિલ્હી ખાતે એન.સી.ટી. ઓફ દિલ્હી આયોજીત રાષ્ટ્રીય કક્ષાની અંડર-૧૪ સ્કિપીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દેશના વિવિધ રાજ્યોની ટીમોએ ભાગ લીધો હતો. ગુજરાત રાજ્યની ટીમમાં તલોદ તાલુકાની સી.ડી. પટેલ શાળાના વિદ્યાર્થીઓ પ્રણામ સડાત, વિજયસિંહ રાઠોડ, કિરણ નાડીયા, કૃષ્ણસિંહ મકવાણાએ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. શાળા અને તાલુકાનું નામ રોશન કરવા બદલ શાળાના આચાર્ય જે.એમ. પટેલ, નિરીક્ષક રંજનબેન પટેલ શાળા પરિવારના સભ્યો, મંડળના હોદ્દેદારો, રમતગમત અધિકારી અને કોચ નટુભાઈ સડોતે અભિનંદન પાઠવ્યા હતા.

## આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વડગામના શેભર મુકામે પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારશે

પાલનપુર, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે તા.૨૩ જાન્યુઆરીના રોજ વડગામ તાલુકાના શેભર મુકામે શ્રી નાગેશ્વર મહાદેવ મંદિરના -ાણ-તિષ્ઠા મહોત્સવમાં બપોરે ૧૨ વાગે પધારશે.

ઉલ્લેખનીય છે કે શ્રી શેભર ગોગ મહારાજનું મંદિર લાખો ભક્તોની શ્રધ્ધાનું પરમધામ છે. આ જગ્યાએ શ્રી નાગેશ્વર મહાદેવના ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. જેનો -ાણ-તિષ્ઠા મહોત્સવ મહાસુદ-૨ થી મહાસુદ-૫ તા.૨૨ થી ૨૪ જાન્યુઆરી સુધી હર્ષ અને ઉત્સાહ તથા ભક્તિમય માહોલમાં યોજાઈ રહ્યો છે. શ્રી શેભર ગોગા મહારાજ સેવા ટ્રસ્ટ ચાણસોલ મુ.શેભર તા.વડગામ જિ.બનાસકાંઠા ધ્વારા -ાણ-તિષ્ઠા મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિશાળ સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યા છે.

## હિંમતનગરની સમર્થ બી.એડ્. કૉલેજનું ૧૦૦ ટકા પરિણામ

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં સાબરડેરી પાસે આવેલ સમર્થ બીએડ કોલેજ નું સેમેસ્ટર -૧ નું પરિણામ ૯૯ ટકા આવ્યું છે જેમાં જેમાં કોલેજમાં તાલીમાર્થી ૯૫ુ ટકા સાથે -થમ સેજલ સી પટેલ, ૯૩.૫૦ ટકા સાથે બીજા નંબરે રીતુ સી પટેલ અને ૯૨.૫૦ ટકા સાથે ત્રીજા નંબરે વારીસઅલી પલસાણીયા આવેલ છે તો બીજી તરફ કોલેજના તમામ વિધાર્થીઓ ૮૦ ટકા થી ઉપર ગુણ -ાજ્ઞ કરી કોલેજનું ગૌરવ વધારતા સંસ્થાના સી.ઈ.ઓ,આચાર્ય અને સ્ટાફે તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી તેમની સિદ્ધિને બિરદાવી હતી.

# ડીસામાં ટ્રક પુલ પરથી નીચે ખાબકતા થયેલ અકસ્માતમાં ત્રણ ગંભીર

ડીસા, તા. ૨૨

ડીસાનાં આખોલ ચાર રસ્તા નજીક ગાઢ ધુમ્મસનાં કારણે ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહેલી એક ટ્રકનાં ચાલકને મોડી રાત્રે રસ્તો ન દેખાતા આ પુલ થી ૨૫ જેટલી નીચે આ ટ્રક ખાબકતા તેનો ખુરદો બોલી ગયો હતો અને બોર તેમજ શાકભાજી નીચે રોડ પર વેરાયા હતા. આ ટ્રક માં સવાર ચાલક સહીત ત્રણને ગંભીર ઈજા થતા તમામને -થમ ડીસા સિવિલ અને તે બાદ અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા છે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં છેલા ૪૮ કલાક થી રાત્રી સમયે શરુ થતું ગાઢ ધુમ્મસ વાહનચાલકોની પરેશાનીનું કારણ બને છે તેના કારણે રોડ પરના વાહન ચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી હતી. ડીસા શહેર તાલુકામાં ભારે ધુમ્મસે દેખા દીધી હતી. તેના કારણે રોડ ઉપરથી પસાર થઈ રહેલા વાહનોની ગતિ મંદ પડી ગઈ હતી. અને સાવચેતી પુર્વક વાહન ચાલકો હંકારી રહ્યા હતાં.જેમાં રાત્રીના બે વાગ્યા આસપાસ ગાઢ ધુમ્મસ વચ્ચે અંજાર થી ડીસા શાકભાજી ,જામફળ, અને બોર ભરી ને એક ટ્રક નમ્બર -જી,જે,-૨૪-વી -૫૮૦ ભીલડી થી ડીસા આવતા રોડ પર આખોલ ચાર રસ્તા ના ઓવર બ્રીજ પર આવતા ચાલક ને કઈ ન દેખાતા અ ટ્રક ઓવર બ્રીજ ની રેલીગ તોડી ૨૫ ફૂટ નીચે ખાબકી હતી, અને ટ્રક માં સવાર થાનાભાઈ રૂડાભાઈ રાજપૂત- ઉમર વર્ષ- ૩૦ રહે- સિલ્વર પાર્ક ડીસા- તેમજ દશરથભાઈ અમથુભાઈ ઠાકોર, ઉમર વર્ષ- ૨૫ રહે- ટેકરા - ડીસા ,-વીણ સિહ નાનસીગ સોલંકી નીચે પટકાતા ગંભીર ઘવાયા હતા, જેમાં ચાલક સહીત ૩ ઈસમો ગંભીર રીતે ઘાયલ થતા અને તેમને સ્થાનિકોએ ડીસા સિવિલ હોસ્પિટલ અને તે બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડ્યા હતા,આમ, ગાઢ ધુમ્મસ થી ડીસા માં ગંભીર અકસ્માત નોધાતા વાહનચાલકોમાં ભય ફેલાયો છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# વાછરડુ અને આઠ બકરાનું હિંસક પ્રાણીએ મારણ કર્યું

## વાઘ કે દિપડો હોવા અંગે ગામલોકોના અલગ અલગ મત : વન વિભાગ દ્વારા પાંજરૂ મુકવાની કાર્યવાહી શરૂ

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના વાઘેશ્વરી ગામમાં હિંસક પ્રાણીએ બે બચ્ચા સાથે ત્રાટકી બે દિવસમાં વાછરડા તથા આઠ બકરાનો શિકાર કરતાં લોકોમાં ફફડાટ સાથે ભયનો ઓથાર વ્યાપી જવા પામ્યો છે. વન વિભાગ દ્વારા હિંસક પ્રાણીને પકડવા પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ખેડબ્રહ્મા તાલુકાની દિધિયા પંચાયતના પેટા પરા વાઘેશ્વરી ગામ અરવલ્લીની ગીરીમાળાઓમાં વસેલુ છે. ગત સોમવાર અને મંગળવાર એમ બે દિવસ હીંસક પ્રાણી તેના બે બચ્ચા સાથે ગામમાં પાલતુ પશુઓ પર ત્રાટકી ૯ પશુઓનો શિકાર કરતા ગામમાં ભય ફેલાયો છે. સોમવારના રોજ રાત્રે આ હિંસક પ્રાણી દિતાભાઈ ભુરાભાઈ પરમારના ઘર આગળ બાંધેલી ગાય અને વાછરડા ઉપર ત્રાટકી વાછરડાનું મારણ કર્યુ હતુ તથા બાબુભાઈ હાંસાભાઈ ગમારના ૧૦ બકરાં પૈકી આઠ બકરાંનું મારણ કર્યુ હતુ.

એજ રીતે મંગળવારના રોજ રાત્રે આ હિંસક પ્રાણી બે બચ્ચા સાથે આવી કાવલીબેન કરણાભાઈ તરાલની બકરીનું મારણ કરી નજીકના ડુંગરોમાં છુપાઈ ગયો હતો. હિંસક પ્રાણીના હુમલાથી ગામલોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

**● દિધિયા સરપંચ શું કહે છે**

દિધિયા ગ્રામ પંચાયતના સરપંચ ચંદુભાઈ કાળાભાઈ, બુબડીયાએ જણાવ્યું હતું કે સોમવાર અને મંગળવારે પાલતુ પશુઓ ઉપર બે બચ્ચા સાથે ત્રાટકનાર હિંસક પ્રાણીના પગની છાપ જોતાં તે વાઘણ હોઈ શકે, તે દિપડો તો નથી જ. ગામ લોકો તથા મારણ થયેલ પશુઓના માલીક દીપડો હોવાનું જણાવે છે.

**● ખેડબ્રહ્મા અને વિજયનગરના જંગલોમાં વાઘ છે જ નહી**

ખેડબ્રહ્મા વન વિભાગ નોર્મલના આર.એફ.ઓ. એન.જે. પટેલે જણાવ્યું હતું કે હિંસક પ્રાણીએ મારણ કર્યાની જાણકારી નથી. તેમ છતાં રૂબરૂ સ્થળની મુલાકાત લઈ પાંજરૂ મુકી પ્રાણીને પકડવાની કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યું હતુ કે ખેડબ્રહ્મા અને વિજયનગરના જંગલોમાં વાઘ છે જ નહી વાઘ નોંધાયા જ નથી તે હિંસક પ્રાણી દિપડો જ હોય.

# શિહોરીમાં ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓની શિબિર યોજાઈ

શિહોરી, તા. ૨૨

કાંકરેજ તાલુકા પંચાયત કચેરી દ્વારા શિહોરી ખાતે ઈન્દીરા આવાસ યોજના લાભાર્થી શિબિર યોજાઈ હતી.

બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના પ્રો. અજયસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં ઈન્દિરા આવાસ યોજનાના બી.પી.એલ. લાભાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ઈન્દિરા આવાસ યોજનાના મકાનોના બાંધકામ અંગે લાભાર્થીઓને જરૂરી સૂચનો કર્યા હતા અને તાલુકા વિકાસ અધિકારી બી.એસ. રબારીએ પણ જરૂરી માહિતી આપી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD | Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦